
સત્ય      પ્રેમ      કરુણા

# કરુણા સેતુ ટ્રસ્ટ

વડનગર - 384 355

વરસની વાત
૨૦૦૭-૨૦૦૮

## આંસુ લુછવાનો ન્હાનો શો પ્રયોગ



લાલઘૂમ તાપમાં મ્હોરતો, મસ્તીનો
તોસ્તે ક્યા ગયો કોઈ કહેતું નથી
આ નગરની વચોવચ હતો એક
ગુલમ્હોર તે ક્યાં ગયો કોઈ કહેતું નથી
પૂછુ છુ બારને - બારીને - ભીંતને
લાલ નળિયાં - છજા - ને વળી ગોખને-
રાત દિ' ટોડલે બેસીને ગ્હેકતો
મોર તે ક્યાં ગયો કોઈ કહેતુ નથી
કેટલા વર્ષથી સાવ કોરા પડ્યા
ઘરના નેવા ચૂવાનુય ભૂલી ગયા
ટપકતો ખાલીપો પૂછતો : મેઘ
ઘનઘોર તે ક્યા ગયો કોઈ કહેતું નથી

મનોજ ખંડેરીયા

હું પગલુ માંડુ એક
પગલે પગલે શ્રદ્ધા પ્રગટી
પહોંચાડી દે છેક.
હું પગલું માંડુ એક.
પગલું મારુ પાકું હોજો
ધીરું છો મંડાય,
ડગલે ડગલે દિશા સૂઝે
ને મારગ ન છંડાય,
નક્કર ભોમે ચાલુ છો ને
કંટક કંકર વાગે
એવું પગલું માંડુ જેથી
આવે સાથે અનેક.
હું પગલું માંડુ એક.

વૈદ્ય દિનકર ભટ્ટ

## સ્વામી આનંદ કહેતા .....

દુનિયાનો ઉધ્ધાર કરવા નીકળવું એ વ્યર્થ પ્રયત્ન છે. રાજસી પ્રકૃતી સંસારમાં તમે ઈચ્છો ના ઈચ્છો તોય છે ને રહેવાની. એના માર્યા દરેક જીવને એક કે બીજે કામે, એની જીવનજાત્રાને એક કે બીજે તબક્કે, ઓછો કે વત્તો સમય એના દોર હેઠળ રહીને પસાર થવું જ પડે છે. પ્રવૃત્તિઓ કરનારાને તેમાં રચ્યાપચ્યા રહેનારા લોકો એવા પ્રયત્નો કરવાના જ. કોઈના રોક્યા રોકાવાના નહિ અને તેને પરિણામે બીજાના ઓદ્ધાર કરવાની પ્રવૃત્તિઓ સ્વાર્થી કે પરમાર થી હેતુઓસર સંસારમાં વધુ ઘટુ ચાલ્યા જ કરવાની.

પણ જેને જીવનનું ... સત્ય પામવાની તાલાવેલી છે. તેણે તો માત્ર પોતાનુ જીવન શુધ્ધ કરી, તેમાં સત્યરૂપી પરમેશ્વરનું પ્રતિબિમ્બ સ્પષ્ટ પડે ને જળમાં શત્રુ મિત્ર અપ્રિય બધા માં એને એ જ દેખાય એવા આત્મોધ્ધારના પ્રયત્નોમાં જ વળગ્યું રહેવું જોઈએ. એવા પ્રયત્નશીલ જીવનક્રમમાં પ્રવાહપતિત જે કોઈ દુખિયું, તરસ્યું, જિજ્ઞાસુ રસ્તે ભેટે તેની મદદ કરી છૂટવું જોઈએ. એથી વધુનો આગ્રહ એ મનનો ઉધામો છે. એવાં કર્મોને સાધનાની સીડી રૂપે લેખવાની ભ્રમણા પણ એમાં હોય.

આ ભ્રમણા ના માર્યા અસંખ્ય જીવો સંસારમાં પેરેપરે કરીને કહેવાતી પરગજુ (સેવા) પ્રવૃત્તિઓમાં મચેલા જોવામાં આવે છે. એ બધો રજોગુણી માયાનો ખેલ છે ને એનું ફળ કે સિધ્ધિ પોતાના મિથ્યાભિમાનને પોષવા કે જાતને છેતરવા ઉપરાંત વિશેષ નથી. સંસારનો કોઈ જીવ ઋતુ વગર ફળતો નથી કે બીજને સંઘરતો નથી. ઋતુએ બી પડે તો જ ચોંટે ને ફળે. તમામ ચેતન સૃષ્ટિને ઋતુનો કાયદો લાગુ છે. તેવું કશુ જોયા વગર અકાળે ને અસ્થાને વરસવા નીકળી પડનારા અને બીજાઓ પર તેવો આગ્રહ લાદવા માંગનારા કાં હરખ પદૂડા, કાં વાયડા, ‘કાજી કયું દૂબલે ? તો કહે કયાકરે, સારે શહેર કી ફિકર પછી ઘરની ઘંટી ભલે કૂત્તા ચાટતાં હોય ! સૃષ્ટિના કર્તા હર્તા નિયંતાનું પદ arrogate કરીને વાડમાં પણ વરસવા નીકળવાનુ માનવી જીવનું કામ નથી. માનવી અલપ છે ને એની મગદૂર ટૂંકી છે. એ પોતાનું જ સુધારીને સરખુ કરી લે. જાતે શુધ્ધ થાય એટલું બસ છે. એટલું થયા પછી જ્યારે પ્રભુ એનામાં પૂરી કે અધુરી યે કળાએ પ્રતિબિંબિત થશે. ત્યારે પછી રાગ દ્વેષના કે અંગત આકાંક્ષા ઝંખનાના કશા કષાયથી ડહોળાયા વગર નરુ સંસારનું શ્રેય અને કલ્યાણ જ એનામાંથી નીકળીને વહેવાનું છે જે કોઈ દાઝ્યું ભુખ્યું તરસ્યું તીખું એના સંપર્કમાં આવશે તેની તરસ છીપશે અને તેના ત્રિવિધતાપ શમીને તે તૃપ્ત થશે. ગંગા પોતાના સાગરને પહોંચવાના લક્ષને વળગીને પોતાની ગતિએ સંસારને આંગણે વહ્યે જાય છે. બારણે બારણે જતી નથી કે લ્યો તમારો ઓધ્ધાર કરું. આવી ને જે એનું જળપાન કરે છે કે ડૂબકી મારે છે તે ન્યાલ થઈ જાય છે.

**ચરીત્રનો દેશ**

# વંદના

**એકરાર(હૃદયસ્થ ડૉ. વસંતભાઈના શબ્દોમાં)**

આ ટ્રસ્ટ એક શુચીતા – કરુણાપુર્ણ કન્યાનું શમણું છે – પ્રભા મણીયાર તો એનું પોષણ કર્યુ છે. એક અનન્યે – શતાયુ – પીઢ, પરમ વીભુતીએ સાધકે પ.પુ. નંદુભાઈ પ.પુ. મોરારીબાપુની અમી નજર. ગમે એવી એક વાત. અયાચી વ્રત પળાય છે. દીનતા નહીં. – માંગ નહી – આગ્રહ નહીં. કરુણાવાન નાગરીકોને આજ સુધીમાં ત્રણ કરોડ રૂપીયા વણમાંગયા ફરજ – સૌભાગ્ય સમજી વીશ્વાસે મોકલ્યા છે.

**અમારી વાત**

હૃદયસ્થ ડૉ. વસંતભાઈ તથા હૃદસ્થ રત્નાપ્રભાબેન મણીયારે પ્રગટાવેલ આ કરુણા જ્યોતને પ્રજવલ્લીત રાખવી, તથા શક્ય તમામ પ્રવૃત્તઓિને તેમના ચીંધેલા માર્ગે સહજ સરળ ને સીધી દેખરેખ નીચે વહેવા દેવી. વસંત પ્રભા ઉપવનના આ મીઠાફળ કોઈ પણ ભાર વિના છેવાડાના માનવીને પહોંચાડવા.

**નવાઈ**

૧૫ મી માર્ચ ૨૦૦૭ના દિવસે આપણી પર થયેલ કારમા વજ્રઘાત પછી પણ અને ટ્રસ્ટને વાહનો, મકાનો, પ્રવૃત્તિની હલચલ મોટુ નામ, પ્રસીધ્ધી ૧૦૦% આયકર મુક્તિનું સર્ટીફીકેટ કશુ જ સીલકમાં નથી છતાય પ્રભુની જેમ અદ્રશ્ય આપ સર્વે દાતાઓ ચારે બાજુથી અમારી પર મન મૂકીને વરસતા રહ્યા.

**જીવાદોરી – જેમની સહાય, હૂંફ તથા માર્ગદર્શન વિના ટ્રસ્ટ પ્રાણહીન હોત.**

| | | |
|---|---|---|
| ૧. | પરમ શ્રધ્ધેય પૂ. મોરારી બાપુ | જેમનુ સતત માર્ગદર્શન પ્રેરણા અને પ્રસાદ પામી અમે જાગતા રહ્યા. |
| ૨. | આદરણીય શુચીતા શ્રી ચંદન બહેન પટેલ<br>આદરણીય વડીલ શ્રી ભગુભાઈ બી પટેલ | પ્રવૃત્તિઓમાં રસ લઈ, સતત માર્ગદર્શન, પ્રેરણા તથા મબલખ સમય અને યોગદાન આપવા બદલ |
| ૩. | આદરણીય મહેશભાઈ ભણશાલી | સેવાઓનો સાચો એકડો શીખવી સદાય વરસી અમને ભીના રાખવા બદલ. |
| ૫. | આદરણીય ડૉ. મીહીરભાઈ જોષી<br>આદરણીય ડૉ. કિશોરભાઈ અસનાની | સદા પીઠ થાબડી અમારી પડખે રહેવા બદલ |
| ૬. | આદરણીય ડૉ. પ્રવીણભાઈ શાહ<br>આદરણીય ડૉ. વર્ષાબેન શાહ | અમારી કરોડરજ્જુ બનવા બદલ |
| ૭. | આદરણીય ફરસુભાઈ અખાણી<br>આદરણીય શંકરભાઈ પટેલ | સંકટ સમયની સાકળ, અમારી મુજવણમાં રાહગીર બનવા બદલ |
| ૮. | આદરણીય મધુકરભાઈ પરીખ<br>આદરણીય નરેન્દ્રભાઈ ઝવેરી | અમારૂ મૂંગૂ બળ બનવા બદલ |
| ૯. | આદરણીય કપાસી પરીવાર | અત્યંત વિનમ્ર તથા અનુપમ દાતાને નાતે |

૧૦. વસંત – પ્રભા પરીવારના પરીવારજનો તન, મન, ધનથી બળીને કરુણા જ્યોતને જલતી રાખવા બદલ.

**અંતમાં**

દાતાઓ પત્ર લખી – દાતાસુચીમાં નામ ન છાપો એવો સ્નેહદેશ આપે છે. અનેક – અચુક – નીયમીત – ભાવસભર સૌજન્યમૂર્તીઓ – પહેલો પગાર આપતા, પેઢીથી લાખો આપતા, કમાણીમાંથી હોંશે હોંશે સ્વધર્મ કરતા, એકાકી બહેનો, સાધીકાઓ – વીધુરો – સૌ પ્રણમ્ય, અભીનંદનીય અને વંચીતો માટે તો નામધન્ય. વસંત – પ્રભા બૃહદ પરીવારના તમામ પરીવાર જનો સારી લાગણીથી અમને જાળવ્યા, ચિંતા કરી, દોર્યા, ચેતવ્યા, સાથે આવી ઉભા રહ્યા,

**એ તમામને અમારા અનેકાનેક પ્રણામ.**

# વરસની વાત

કાળનો કારમો ઘા

કળ વળવાની તો વાત જ કયા ?

આંસુ લુછવાના પ્રયોગમાં ભાગ લેનારાઓ ને જ પોતાના આંસુ છુપાવવા પરિશ્રમ કરવો પડયો

કેલેન્ડરના પાના ફાટે ગયા, અમે ગળતા રહ્યા

આંખો ચુતી રહી,

કામનો ભાર ન લાગ્યો

પણ એક મુશ્કેલી કાયમ રહી

પ્રભુ અદ્રશ્ય તેમ દાતાઓ લાભ પામાનારા ને ન દેખાય, અમને આગળ ધરી આપ સૌ છૂપા છૂપા રહી ધન, અનાજ, વસ્તુ પ્રાર્થના ની વર્ષા કરતા રહ્યા જે કરવામા નિમિત બનાયુ તેનું શ્રેય આપ સર્વ દાતાઓને.

હવે પછીના શબદો અમારી આ લાગણી આપને ચરણે ધરે છે.

૧. દર માસની ૧૫ મી તારીખે ૮૦ થી ૯૦ પરીવારોને બે દાયકા થી અપાતી અન્ન, વસ્ત્ર અને રોકડ સહાય ચાલુ રહી પરીવાર વત્તી સહાય લેવા આવનારા માતા બહેનો ને મિષ્ઠાન સાથે જમવાની વ્યવસ્થા ઉમેરાઈ,

૨. દર માસના છેલ્લા અઠવાડીયામાં અગરીયા વિસ્તારે ૧૨૫ થી ૧૩૦ પરીવારો ખાસ કરીને વિધવા માતાઓને અન્ન, વસ્ત્ર સહાય નવી ઉમેરાણી

૩. અન્નપૂર્ણાનું અન્નક્ષેત્ર (હૃદયસ્થ રત્નપ્રભાબેન મણીયારે ચાલુ કરેલ અને જીવનભર ચલાવેલ અન્નક્ષેત્ર) ચાલુ રહ્યું, ભુખ્યાને ભોજન પીડીતોને પ્રેમ મળતા રહ્યા.

૪. સાંતલપુર તાલુકાના વંચીતોમાંથી ૨ ૨ ને નીયમીત મની ઓર્ડર થી રકમ મોકલાતી રહી. સાચા દેશ સેવક ૮૪ વર્ષના યુવાન જાડેજાદાદાને સલામ.

૫. વંચીતો ના બાલેશ્વરો અનેક અવસરે ભોજન ઉપહાર પામ્યા, બગીચે રમવાના સાધનો ટબુકડી સેનાને મજા જ મજા. શીંગ, ચણા, ખજુર કે બીજો કોઈ નાસ્તો પણ ખરો જ.

૬. અચાનક આવેલ ભારે વરસાદે પાટણ તથા બનાસકાંઠા જીલ્લા ના અમુક વિસ્તારોમાં ભારે તારાજી કરી સરીયદ, હઠમતીયા, વિઠલોદ દેવાપુરા, કૂબા વિગેરે ગામના લગભગ ૫૦૦ ઉપરાંત પરીવારો બાજરી, દાળ, શાકભાજી, તાડપત્રી, વસ્ત્રો, તૈયાર કીટ (ચા, ખાંડ, ગોળ, તેલ, સાબુ,ની) ગરમ ધાબળા પામ્યા. પ્રાત સ્મરણીય, પ.પૂ. બાપુએ અમને ઢંઢોળ્યા.

લગભગ બે ટ્રક ભરીને સામાન પહોંચ્યો. આદરણીય ફરસુભાઈ એ કેડસમા પાણીમાં ફરી ફરી બધે સર્વે કર્યો. બીજા જ દિવસે પાછા ટીમ સાથે બધુ લઈ આવી મળ્યા. યશ પ્રણામ તેમને તથા તેમની ટીમને.

૭. જામનગરના ચૈતન્ય ટ્રસ્ટે વંચીતો ના બાળકો માટે કરેલ ક્રીડાગણમાં બાળકો માટે કરુણા સેતુ એ આપેલ રમવાના સાધનો આવી ગયા.

૮. આદરણીય ભાલચંદ્રભાઈ શાહે અમીરગઢ ખાતે આદીવાસી વિદ્યાર્થીઓ માટે શરૂ કરેલ તાલીમ સંસ્થામાં કરુણા સેતુ એ આપેલ ચાર લાખના સાધનો આવી ગયા પહેલે જ વર્ષે ૪૦ વિદ્યાર્થીઓ

તાલીમ પામી સ્વનીર્ભર બન્યા. દાદાની દુરંદેશીનો જ પ્રભાવ. સંસ્થા સાથે સક્રીય નાતો રહ્યો આગળ વિકાસમાટે ના પ્રયત્નો ચાલુ.

૯. છેલ્લા ત્રણ વર્ષથી અગરીયા વિદ્યાર્થીઓના શીક્ષણ માટે ધાગંધ્રામાં ચાલતું છાત્રાલયમાં આ વર્ષ ૧૮ વિદ્યાર્થીઓ નિવાસ, ભોજન, શીક્ષણ આપ થકી પામ્યા. પરમ આદરણીય રમેશભાઈ મંકોડી તથા મૌલીનભાઈ મંકોડીની દેખભાળ થી બાળકોને સ્વગૃહનો અનુભવ. ડૉ. વિરેન્દ્રભાઈ દોશીનું પીઠબળ, મહેનત અને માર્ગદર્શન તો ખરૂ જ.

૧૦. અગરીયાના બાળકોમાં નવા સ્વેટર, ખમીશો, દફતર મીઠાઈની વહેંચણી થઈ. સર્જનટાવર, ઈન્દ્રપ્રસ્થ ટાવર અમદાવાદની બહેનો સ્વેચ્છાએ રણમાં આવી સહાય કરતી રહી. લગભગ દશેક વખત જુદી જુદી ટીમો બનાવી બહેનોએ આ કાર્ય પોતીકુ બનાવ્યું.

૧૧. રાજસીતાપુર, રણ કેઉત્તર ગુજરાતના અંતરીયાળ ગામ તમામને ભણસાળી ટ્રસ્ટે મોકલાવેલા ગરમ વસ્ત્રો પહોંચ્યા બાકીના આપણે ખરીદયા લગભગ દશ હજાર લાભાર્થી.

૧૨. મૈત્રી આશ્રમને ઉપયોગી થવામાં નિમિત બનતા રહ્યા.

૧૩. રણ વિસ્તારે, અમદાવાદના સ્લમ વિસ્તારે, વડનગર તાલુકાના વંચિતોના બાળકો રમકડા, દડા પુસ્તકો, મીઠાઈ, માળાઓ તથા નાસ્તો અનેક વાર પામ્યાનો સંતોષ

૧૪. ભણશાલી ટ્રસ્ટ દ્વારા આયોજીત બોધગયા ખાતે સતત ૨૫માં વર્ષે મહા નેત્રયજ્ઞ આ વર્ષે ત્રણ વાર યોજાયો. શરૂઆત હૃદયસ્થ વસંતભાઈને સર્વે આપેલી શ્રદ્ધાંજલી થી થઈ. કુલ ૩૩૦૦૦ ઉપરાંત ઓપરેશન થયા. આપ સર્વે વતી સેવા કરવાનો મોકો મળ્યોનો આનંદ, પહેલી વખત સહકુટુંબ બીજી વખતે એકલે શક્ય ઉપયોગી થવા મથ્યા.

૧૫. આપણા ટ્રસ્ટ વતી થતા આંખના મોતીયાના ઓપરેશન માડલ તથા રાધનપુરની સંસ્થાઓમાં ચાલુ રાખી શક્યા કુલ ૧૮૦૦ થી વધુ ઓપરેશન આપના દ્વારા થયા.

૧૬. પસ્તીની પ્રવૃત્તિ ચાલુ રહી અમદાવાદના ત્રણ રહેણાંક વિસ્તારોમાં થી દર મહિને પસ્તીનું દાન કીડની હોસ્પીટલમાં ડાયાલીસ કે કોઈ વંચીતની મેડીકલ સહાયમાં ઉપયોગી થતુ રહ્યું. દર મહિને લગભગ ૨ ટન પસ્તી દાનમાં આવતી રહી. સર્જન ટાવર, ઈન્દ્રપ્રસ્થ ટાવરની બહેનો ખરે જ પ્રણમ્ય.

૧૭. અમદાવાદ વડનગર તેમજ રણ વિસ્તારની છેવાડની પ્રાથમિક શાળાઓના લગભગ ૧૦૦૦ ઉપરાંત બાળકો ચોપડીઓ તથા નોટબુકો પામ્યા, દાદા કહેતા તેમ બીજ વેર્યા પછી વાદળ જાણે અને વસુંધરા...

૧૮. હૃદયસ્થ રત્નપ્રભાબેનનો બગીચો નવપલ્લવીત રહ્યો. ચોમાસામાં પાણી ભરાતા થતુ નુકશાન અગવડ રોકવા એક થી દોઢ ફૂટ લેવલ ઉંચું લેવાયું બધો શ્રેય ડૉ. મીહીરભાઈ ને.

૧૯. આદિવાસી વિસ્તારે આદરણીય હસમુખભાઈનો સહયોગ સદાય સાથે રહ્યો. બાલેશ્વરો ને અવાર નવાર નાસ્તો તથા શીક્ષકોને માસીક પુરસ્કાર.

૨૦.અમદાવાદ સીવીલ હોસ્પીટલ વી. એસ. હોસ્પીટલ, શારદાબેન હોસ્પીટલ તેમજ કીડની હોસ્પીટલ ના દર્દી બરદાસીઓમાં ખજૂર, સીંગ, તલના લાડુ, સફરજન, ચીકુ, શીરો તથા વસ્ત્રોની વહેંચણી દરેક વાર થી વધુ શક્ય બની.

૨૧.સ્થાનીક પ્રવૃત્તિમાં બાલમંદિરના બાળકોને નિત્ય નાસ્તો

૨૨. હૃદયસ્થ વસંતભાઈ દ્વારા સ્થાપીત અગરીયા હિત રક્ષક મંચના કામકાજ સેમિનાર, ચર્ચા, વર્કશોપમાં સહભાગી થવાનું મળ્યું. અગરીયાઓની વેદના-વ્યથા મુશ્કેલીઓ દૂર કરવા માટે કાર્યરત મંચમાં હજુ આપણે નવા નીશાળીયા કાંઈક કરવાની તત્પરતા ખરી.

૨૩. હૃદયસ્થ ડૉ. વસંતભાઈ ને સાચી શ્રધ્ધાંજલી આપતો એક કાર્યક્રમ શ્રી સોમાભાઈ મોદી દ્વારા યોજાયો. ૩જી માર્ચ વડનગર ખાતે સર્વોદય ટ્રસ્ટ દ્વારા યોજાયેલ રક્તદાન કેમ્પ માં ૩૯૦ યુનિટ રક્તદાન મળ્યું આપણા તેમના યજ્ઞમાં સમીધ.

૨૪. અંતરીયાળ વિસ્તારમાં વંચીતો વસ્ત્ર પામ્યા લગભગ ૧૦૦૦ ઉપરાંત સાડી, ૫૦૦૦ ઉપરાંત ખમીશ.

૨૫. દિવાળીની મીઠાઈ સાથે જન્માષ્ટમીમાં રણ વિસ્તારે મીઠાઈ ઉમેરાણી.

૨૬. ચિ. આશાબેને ઉમળકાથી અત્યંત વ્યસ્તતા વચ્ચે પણ બે વખત ખાસ સમય કાઢીને રણ વિસ્તારમાં બુટ, ચંપલ, કપડા, મીઠાઈ, બાળકોને નાસ્તો વહેંચ્યા. બધો યશ એમને.

સાચે જ મોરના ઈંડા....

૨૭.અમારા આદરણીય રમણકાકાના જીવન સંગીની અધવચ્ચે જ સાથ છોડી ગયા. જીવનસાથીની અનન્ય સેવાનું જાગતુ ઉદાહરણ, છેલ્લી પળ સુધી કાકા એ કાકીને સાચવ્યા સેવા કરી.

હૃદયસ્થ ડૉ. વસંતભાઈની વિચારધારાને એમના આ સાથી એ જીવી બતાવી.

૨૮.હૃદયસ્થ ડૉ. વસંતભાઈ પ્રેરીત અગરીયા સમુદાયની વ્યથા દર્શાવતુ પુસ્તક ''સર્વે નંબર શૂન્ય'' આપ સર્વ સુધી પહોંચાડી શકાયું.

૨૯.હૃદયસ્થ ડૉ. વસંતભાઈના પુસ્તકો વાચકો સુધી પહોંચતા રહ્યા સઘળો યશ આદરણીય ડૉ. વર્ષાબહેન શાહને. હૃદયસ્થ ભાઈના આ બહેન સાચે જ ભાઈની ભાવનાથી અત્યંત ભીજાયેલા અમને પાવન કરતા રહ્યા. ઝેરોક્ષ, કુરીયર ખર્ચની પરવા કર્યા વગર સાહિત્ય સર્વત્ર યોગ્ય સ્થળે વહેચ્યું.

૩૦.ટ્રસ્ટની પ્રવૃત્તિના તમામ કેન્દ્રોની જાત મુલાકાત લઈ શકાઈ કોઈ તીર્થાટન જેટલો આનંદ સર્વત્ર દાદાની યાદ હૈયુ હાથ શે રહે.

૩૧.૧૫મી એપ્રિલે યોજાયેલ વસંત-પ્રભા પરીવારના મિલનમાં હૃદયસ્થ ડૉ. વસંતભાઈની પ્રવૃત્તિનો વ્યાપ અનુભવ્યો લગભગ ૧૦૦ ઉપરાંત પરીવાર જનો દરેકની પાસે વસંતભાઈ માટેની આગવી વાત આદરણીય પ્રતાપભાઈનું સુંદર સંચાલન, સઘળુ આયોજન ડૉ. મીહીરભાઈ તથા ડૉ. વર્ષાબહેનની, **આટલી જાણકારી આપના ચરણોમાં સાદર અર્પણ.**

# કરુણા સેતુ ટ્રસ્ટ – વડનગર

**Registration No. : E / 2664 / Mehsana**

## ઓડિટ રીપોર્ટ

**હિસાબ તપાસ્યા છે અને અમો નીચે મુજબ રીપોર્ટ કરીએ છીએ.**

૧. અમારા અભિપ્રાય મુજબ, અમારી નીચેની ટીકાઓના આધીન ટ્રસ્ટના હિસાબ પધ્ધતિસર અને કાયદા અને તે અંગેના કાનુનો મુજબ બરાબર રીતે બતાવવામાં આવ્યાછે.

૨. હિસાબના ઉપજ અને ખર્ચ વ્યાજબની અને બરાબર રીતે બતાવવામાં આવ્યા છે.

૩. ઓડિટની તારીખે મેનેજર / ટ્રસ્ટીના પાસે રોકડા સીલક હતી તે ચોપડા પ્રમાણે બરાબર માલુમ પડેલ છે.

૪. ચોપડાઓ ખતો, હિસાબો વાઉચરો તેમજ અન્ય જરૂરી દફતરો અમારી સમક્ષ રજુ કરવામાં આવ્યા છે.

૫. ટ્રસ્ટની જંગમ મિલ્કતની ટ્રસ્ટીઓ પ્રમાણિત કરેલી યાદી રાખવામાં આવી છે / નથી.

૬. ટ્રસ્ટ તરફથી ટ્રસ્ટી/મંત્રી શ્રી રમણભાઈ એચ. પટેલ

૭. ટ્રસ્ટના ફંડ તથા મિલ્કતોનો ટ્રસ્ટના હેતુ માટે ઉપયોગ થયો છે, અને તે સિવાય બીજા માટે ઉપયોગ થયો નથી.

૮. એક વર્ષ કરતા વધુ પડતી રકમ ——— રૂા. છે.

અને રૂા. ——— નું લ્હેણું માંડી વાળવા જેવું છે જ્યારે

રૂા. ——— નું લ્હેણું વર્ષ દરમ્યાન માંડી વાળવામાં આવ્યું છે.

૯. રૂા. ૫૦૦૦/- થી વધુ કિંમતના મરામત અગર બાંધકામ નથી.

૧૦. મુંબઈ પબ્લીક ટ્રસ્ટ એક્ટની કલમ ૩૫ના ઠરાવોની વિરુધ્ધ કરવામાં આવી નથી.

૧૧. ટ્રસ્ટની સ્થાવર મિલ્કતોની ફેરફાર વેચાણ કલમ ૩૬ના ઠરાવોની વિરુધ્ધ કરવામાં આવી નથી.

આ રીપોર્ટના પેટા ——— અંગેની વધુ ટીકાઓ માટે

| | | |
|---|---|---|
| રમણભાઈ પટેલ | પાટણ | મુકુંદ એચ. પંડ્યા એન્ડ કાું. |
| ટ્રસ્ટની સહી | સ્થળ | ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ |

# કરુણા સેતુ ટ્રસ્ટ - વડનગર

**Registration No. : E / 2664 / Mehsana**

**"THE BOMBAY PUBLIC TRUST ACT. 1950"**

**(SCHEDULE - VIII (Vide Rule 17 (i) )**

**પરિશિષ્ટ ૯-ક**

| | | |
|---|---|---|
| એકંદર વાર્ષિક આવક (ગ્રોસ) | | ૨૦૮૧૬૩૨.૦૦ |
| બાદ (ફાળા માટે કરેલી આવકની વિગતો) | | |
| ૧ સ્થાપતિ ફંડોને મળેલા દાન ભેટ | ૧૫૭૬૧૩૭.૦૦ | |
| ૨ બીજા સાર્વજનિક ટ્રસ્ટોમાંથી મળેલ દાન | | |
| ૩ સરકારે સ્થાનિક સંસ્થાઓએ આપેલ ગ્રાન્ટો | | |
| ૪ સીકીંગ ફંડ અને ઘસારા ફંડ પરનું વ્યાજ | | |
| ૫ કેળવણી વિષયક હેતુ માટે ખર્ચેલી રકમ | ૬૦૦૦૦.૦૦ | |
| ૬ વૈદકીય હેતુ માટે ખર્ચેલી રકમ | ૩૬૭૦૮૫.૦૦ | |
| ૭ ખેતીના હેતુ માટે વપરાતી જમીનની આવકમાંથી કપાતો | | |
| અ. જમીન મહેસુલ અને લોકલ ફંડસેસ | | |
| બ. પટે રાખેલી જમીન ઉપર આપવાનું ભાડુ | | |
| ક. ટ્રસ્ટ તરફથી જમીન ખેડાવામાં આવતી હોય તો ઉત્પાદનનો ખર્ચ | | |
| ૮ બીન ખેતીવાડીના હેતુ માટે વપરાતી સ્થાવર મિલ્કત જમીન તથા મકાનોની આવકમાંથી કપાતો : | | |
| અ. આકારણી સેસ અને બીજા સહકારી અથવા મ્યુ. કરો | | |
| બ. જમીન | | |
| ક. વીમાનું પ્રિમીયમ | | |
| ડ. મકાનોના એકંદર ભાડાના ૮ ૧/૩ ટકાના દરે મરામત | | |
| ઈ. ભાડે નહિ આપેલ મકાનોના એકંદર (ગ્રોસ ભાડાના) ૪ ટકાના દરે ભાડુ ઉઘરાવવાનું ખર્ચ | | |
| ૯ ભાડે નહિ અપાયેલ અને બીન આવકવાળી તથા પોતે વાપરતા મકાન એકંદરે અંદાજેલા વાર્ષિક ભાડાના ૮ ૧/૩ ટકાના દરે મરામત માટે કપાત | | ૨૦૦૩૨૨૨.૦૦ |
| ફાળો આપવા જોગ આવક | | ૭૮૪૧૦.૦૦ |
| ટોટલ | | ૨૦૮૧૬૩૨.૦૦ |

| | | |
|---|---|---|
| **રમણભાઈ પટેલ** | પાટણ | **મુકુંદ એચ. પંડ્યા એન્ડ કાં.** |
| **ટ્રસ્ટની સહી** | **સ્થળ** | **ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ** |

# કરુણા સેતુ ટ્રસ્ટ - વડનગર

**Registration No. : E / 2664 / Mehsana**

**"THE BOMBAY PUBLIC TRUST ACT. 1950"**

**(SCHEDULE - VIII (Vide Rule 17 (i) )**

## પરિશિષ્ટ ૯મું

| | | | | |
|---|---|---|---|---|
| ભાડા ખાતે (લેણી/મળેલી) | | મિલ્કત અંગેનો ખર્ચ | | |
| વ્યાજ ખાતે (લેણી/મળેલી) | | મ્યુ. વેરા | | ૧૨૧૮૦.૦૦ |
| બેન્કના ખાતા ઉપર | ૫૦૪૬૬૦.૦૦ | વહીવટી ખર્ચ | | |
| | | માનદ વેતન | | ૧૭૦૦૦.૦૦ |
| | | ટ્રસ્ટીઓના મહેનતાણાના | | |
| | | મહેનતાણા ખાતે (મઠ સારૂ) | | |
| | | કોર્ટ ખર્ચ | | ૬૨૫૦.૦૦ |
| ડીવીડન્ડ | | ઓડિટ ફી | | ૪૫૦૦.૦૦ |
| દાન : રોકડા અથવા વસ્તુ રૂપે મળેલ | | ફાળોઅને ફી | | |
| દાન -ભેટ | ૧૨૬૮૬૯૨.૦૦ | માંડી વાળેલ રકમ | | |
| ફોરેઈન ડોનેશન | ૩૦૭૪૪૫.૦૦ | પરચુરણ ખર્ચ | ૧૧૮૧.૦૦ | |
| | | ઝેરોક્ષ | ૨૫૨૬.૦૦ | |
| ગ્રાન્ટ | | કોમ્પ્યુટર | ૧૨૦૦૦.૦૦ | |
| | | પોસ્ટેજ | ૭૮૭૯.૦૦ | |
| બીજી આવક | | સ્ટેશનરી | ૧૦૮૭.૦૦ | |
| ઈત્તર આવક | ૮૩૫-૦૦ | મુસાફરી | ૨૩૬૫.૦૦ | |
| ખેતરની સાંથ | | છપામણી | ૫૮૮૭૪.૦૦ | ૮૫૯૧૨.૦૦ |
| | | ઘસારો | | |
| | | રીઝર્વ અંકિત ફંડ ખાતે | | |
| રીઝર્વ ફંડમાંથી લાવ્યા | | લીધેલી રકમો | | |
| | | ટ્રસ્ટના હેતુ અંગેનો ખર્ચ | | |
| | | શિડ્યુલ નં ૧ | | ૧૧૪૮૨૦૦.૦૦ |
| ખાદ જે સરવૈયામાં લઈ ગયા તે | | શિડ્યુલ નં ૪ | | ૩૬૭૦૮૫.૦૦ |
| | | શિડ્યુલ નં ૫ | | ૬૦૦૦૦.૦૦ |
| | | વધારો જે સરવૈયામાં લઈ ગયા તે | | ૩૮૦૫૦૫.૦૦ |
| કુલ રૂ. | ૨૦૮૧૬૩૨.૦૦ | કુલ રૂ. | | ૨૦૮૧૬૩૨.૦૦ |

| | | |
|---|---|---|
| રમણભાઈ પટેલ | પાટણ | મુકુંદ એચ. પંડ્યા એન્ડ કાું. |
| ટ્રસ્ટની સહી | સ્થળ | ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ |

# કરુણા સેતુ ટ્રસ્ટ - વડનગર

**Registration No. : E / 2664 / Mehsana**

**"THE BOMBAY PUBLIC TRUST ACT. 1950"**

**(SCHEDULE - VIII (Vide Rule 17 (i) )**

**પરિશિષ્ટ ૮મું**

| ફંડો અને જવાબદારીઓ | | મિલકતો | |
|---|---|---|---|
| ટ્રસ્ટ ફંડ તથા સ્થાપિત મિલ્કત | | સ્થાવર મિલ્કત | |
| | | મકાન પા.બાકી | ૫૦૭૬૫.૬૮ |
| પા. બાકી | ૧૭૨૯૫૦.૨૦ | રોકાણ : | |
| બીજા અંકિત કરેલ ફંડ | | ડેડ સ્ટોક અને ફર્નિચર : | |
| | | પા. બાકી | ૩૮૮૫૫.૧૦ |
| | | જંગમ મિલ્કત : | |
| શિડ્યુલ નં. ૨ | ૬૨૦૭૭૨૨.૦૦ | સાધન પા. બાકી | ૬૦૦૦.૦૦ |
| | | વાસણ પા. બાકી | ૩૩૦૫.૩૮ |
| લોન : તારણવાણી/તારણવગરની | | લોન : (તારણવાળી/તારણવગરની) | |
| ડો. વસંતભાઈ પરીખ પા. બાકી | ૬૪૬.૦૦ | | |
| દ્વારકાદાસ જોષી | ૩૦૦૦.૦૦ | લ્હેણુ : | |
| જવાબદારીઓ : | | એડવાંસીસ : | |
| | | વસુલ નહિ આવેલ આવક : | |
| ઉપજ ખર્ચ ખાતુ : | | ઈન્કમટેક્ષ વ્યાજ કપાત | |
| પા. બાકી ૧૩૧૭૫૫૮.૯૩ | | પા. બાકી ૯૮૫૧.૦૦ | |
| ઉમેરો ૩૮૦૫૦૫.૦૦ | ૧૬૯૮૦૬૩.૯૩ | ઉમેરો ૫૫૫૯૧.૦૦ | ૬૫૪૪૨.૦૦ |
| | | રોકડ તથા અવેજ :- | |
| | | શિડ્યુલ નં. | ૭૯૧૮૦૧૩.૯૭ |
| | | ઉપજ ખર્ચ ખાતું | |
| કુલ રૂા. .... | ૮૦૮૨૩૮૨.૧૩ | કુલ રૂા. | ૮૦૮૨૩૮૨.૧૩ |

| | | |
|---|---|---|
| **રમણભાઈ પટેલ** | **પાટણ** | **મુકુંદ એચ. પંડ્યા એન્ડ કાં.** |
| **ટ્રસ્ટની સહી** | **સ્થળ** | **ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ** |

# કરુણા સેતુ ટ્રસ્ટ – વડનગર

**Registration No. : E / 2664 / Mehsana**

**"THE BOMBAY PUBLIC TRUST ACT. 1950"**

**(SCHEDULE - VIII (Vide Rule 17 (i) )**

૮

| | | | |
|---|---|---|---|
| શિડ્યુલ નં. ૧ | | શિડ્યુલ નં. ૨ | |
| ઈતર ખર્ચા | | બીજા અંકિત કરેલ ફંડ | |
| શાકભાજી | ૭૩૨૭.૦૦ | કોપર્સ ફંડ પા. બાકી | ૨૨૦૦૦૦૦.૦૦ |
| દહીં દૂધ | ૧૫૬૮.૦૦ | ઉમેરો હવાલા | |
| ગરીબ અનાજ મદદ | ૪૭૯૭૯૦.૦૦ | અન્ન ફંડ પા. બાકી | ૭૫૦૦૦.૦૦ |
| કપડા મદદ | ૪૭૯૦૪.૦૦ | તીથી ફંડ પા. બાકી | ૫૨૬૫૭૬.૦૦ |
| મકાન મદદ | ૧૬૦૦.૦૦ | ૩૫ એ.સી. ફંડ પા.બાકી | ૩૨૦૬૧૪૬.૦૦ |
| રોકડ મદદ | ૩૮૦૩૩.૦૦ | | ૬૦૦૭૭૨૨.૦૦ |
| રોજગારી | ૭૬૧૩૮.૦૦ | મોદી વાડીલાલ ફંડ પા. બાકી | ૨૦૦૦૦૦.૦૦ |
| અનાજ ખરીદ | ૧૫૭૮૧.૦૦ | | ૬૨૦૭૭૨૨.૦૦ |
| તેલ / ઘી | ૯૮૮૨.૦૦ | શિડ્યુલ નં. ૩ | |
| બળતણ | ૫૯૮૫.૦૦ | રોકડ તથા અવેજ | |
| મસાલા | ૨૧૦૫.૦૦ | રોકડ હાથ ઉપર | ૫૦૫૨.૦૦ |
| ગોળ ખાંડ | ૧૯૭૩.૦૦ | બેંક ઓફ બરોડા સેં | ૫૭૪૫૨૯.૪૩ |
| બાગાયત | ૩૬૦૫૮૨.૦૦ | મહે.ડી.બેંક સેં | ૧૩૭૯.૫૪ |
| ઈલેકટ્રીક | ૧૩૯૮.૦૦ | દેનાબેંક સે. | ૪૫૪૨૧.૦૦ |
| પૂર રાહત સહાય | ૯૮૧૩૪.૦૦ | બેંક ઓફ બરોડા ફોરેઈન ડોનેશન સે. | ૩૧૮૨૬૭.૦૦ |
| | | બેંકઓફ બરોડા ફોરેઈન ડોનેશન ફી.ડી. | ૬૭૬૩૩૬૫.૦૦ |
| | ૧૧૪૮૨૦૦.૦૦ | દેના બેંક ફી.ડી. | ૨૧૦૦૦૦.૦૦ |
| શિડયુલ નં ૪ | | | ૭૯૧૮૦૧૩.૦૭ |
| વૈદકીય હેતુ અંગેનો ખર્ચ | | | |
| | | શિડ્યુલ નં. ૫ | |
| ગરીબ દવા | ૨૦૮૮૮.૦૦ | શૈક્ષણિક હેતુ અંગેનો ખર્ચ | |
| નેત્ર યજ્ઞ | ૩૪૬૧૯૭.૦૦ | સંસ્થા મદદ / હોસ્ટેલ | ૬૦૦૦૦.૦૦ |
| | ૩૬૭૦૮૫.૦૦ | | ૬૦૦૦૦.૦૦ |

| | | |
|---|---|---|
| **રમણભાઈ પટેલ** | **પાટણ** | **મુકુંદ એચ. પંડ્યા એન્ડ કું.** |
| **ટ્રસ્ટની સહી** | **સ્થળ** | **ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ** |

## 2008-09 ના વરસની આયોજન ઝલક

### (યોગદાન મળશે એ પ્રમાણે લક્ષ્યાંક માટે પ્રયત્નીશું)

| | | |
|---|---|---|
| ૧. | અન્નક્ષેત્ર + અન્ન વીતરણ + રોકડ સહાય | ૪,૦૦,૦૦૦ |
| ૨. | અગરીયા વિસ્તારમાં સહાય | ૪,૦૦,૦૦૦ |
| ૩. | બાલમંદીરે -નીત્ય નાસ્તો + શીશુઓને ઉપહાર | ૨,૦૦,૦૦૦ |
| ૪. | શિશુ સહાય આસામ | ૧,૦૦,૦૦૦ |
| ૫. | રોજગાર સહાય | ૨,૦૦,૦૦૦ |
| ૬. | હોસ્પીટલના દર્દીઓ બરદાસીઓને | ૩,૦૦,૦૦૦ |
| ૭. | નેત્રમણી સાથે આંખના ઓપરેશન - ૨૦૦૦ | ૧૦,૦૦,૦૦૦ |
| ૮. | આરોગ્ય સેવાઓ | ૨૦,૦૦,૦૦૦ |
| ૯. | અગરીયા વિસ્તાર છાત્રાલય | ૪,૦૦,૦૦૦ |
| ૧૦. | ગુજરાતમાં કુદરતી આફત સમયે પુનઃનિર્માણ કાર્ય | ૨,૦૦,૦૦૦ |
| ૧૧. | આકસ્મીક ખર્ચ | ૫,૦૦,૦૦૦ |
| ૧૨. | પરચુરણ ટપાલ છપામણી વગેરે | ૫૦,૦૦૦ |
| ૧૩. | આવાસ નિર્માણ સહાય | ૫,૦૦,૦૦૦ |
| | | ૬૨,૫૦,૦૦૦ |




નેત્ર યજ્ઞ















નેત્ર યજ્ઞ



અન્ન વીતરણ અન્ન ક્ષેત્ર














અન્ન વીતરણ અન્ન ક્ષેત્ર





નોટબુક વિતરણ







તાલીમ શાળા-અમીરગઢ





## દર્દી-બરદાસી સેવા











દર્દી-બરદાસી સેવા



રણ વિસ્તારે આપણા
અગરીયા પરીવાર સાથે











રણ વિસ્તારે આપણા
અગરીયા પરીવાર સાથે



બાલેશ્વરોને નિયમિત ઉજાણી









બાલેશ્વરોને નિયમિત ઉજાણી





વસ્ત્ર,મીઠાઈ વીતરણ










વસ્ત્ર,મીઠાઈ વીતરણ







રમવાના સાધનો







બગીચો



# હૃદયાભિષેક

નમસ્કાર સાથે જણાવવાનું કે બેનશ્રી અમારા રણવિસ્તારમાં પધારી જે ગરીબ અગરીયાઓને સ્વેટર, કપડા, ખજુર, અનાજ વિગેરે વિતરણ કર્યુ તે બદલ ખુબ આભાર

આપે જે જરૂરીયાતમંદ લોકોના નામની માંગણી કરેલ હતી તે નામાવલી અમે જાતે રણમાં તપાસ કરી બનાવેલી છે અને કોમ્પ્યુટર યાદી બનાવેલ છે.

તો આપ કહો ત્યારે આપશ્રીને મોકલાવી દઈશ.

ઝાલા અનીરૂધ્ધસિંહ એમ.

ઝાંઝીવાડા - ૩૮૨૭૫૫

પરમ પૂજ્ય આદરણીય

સ્વ. શ્રી વસંતભાઈ પરીખ સાહેબને શ્રધ્ધાંજલિ

હે દેવ !

જોત જોતામાં એક વર્ષ વીતી ગયું.

અમે બધા અમારા સ્વાર્થના લીધે આપને યાદ કરીએ છીએ. છતાં, આપનું ઉમદા, સુવાસિત ધૂપસળી જેવું જીવન, લોકોને ઉપયોગી થવાની સતત ઝંખના, કાર્ય પ્રત્યેની ચીવટ, શિસ્ત, ચોકસાઈ, ભૂલાય તેમ નથી. આપના આવા દૈવી ગુણો અમને અજવાળે, અમને સતત પ્રેરણા આપે - એવી ઉત્કૃષ્ઠ ભાવના સહ, પ્રભુ આપના આત્માને પરમ શાન્તિ અર્પે એજ પ્રાર્થના.

કનુવૈદ્ય, વડનગર

આદરણીય, પૂજનીય,

સત્કારણીય,વંદનીય શ્રી ઠક્કર સાહેબ કરૂણા સેતુ ટ્રસ્ટ તરફથી મને વરસની વાત ૨૦૦૬-૨૦૦૭નો અંક તાજેતરમાં પ્રાપ્ત થયો. વાંચી ખૂબ જ આનંદથયો. આ અંક મને પ્રેરણાલક્ષી અને પારદર્શક કરૂણા સેતુ ટ્રસ્ટના વહીવટનો પરિચય કરાવી જાય છે. પ્રભુને મારી અતઃકરણ પૂર્વક પ્રાર્થના આપના આ ટ્રસ્ટના માટે અખૂટ દાનનો પ્રવાહ વહ્યા કરે અને આપના ટ્રસ્ટના નામની સુંવાસ ચારે દિશામાં પ્રસરે. અને આપવી સેવા નિરાધારના આધાર સમી બની રહે. એવું વાતાવરણ સર્જાય.

કરૂણાસેવા ટ્રસ્ટ તરફથી કોઈપણ સાહિત્ય બહાર પડે તો મારા જેવા જ્ઞાન પીયાષુઓને મોકલાવી જીવન પર્યંત આભારી બનાવશો. સાહેબ મારા લાયક કંઈપણ કામકાજ હોય તો અવશ્ય હુકમ કરશો. ડૉ. વસંતભાઈના જીવનપંથને ઉજ્જવળ બનાવવા પ્રભુ આપને અખૂટ શક્તિ આપે તેવી. પ્રાર્થના.

પટેલ રમેશભાઈ પી

સ્નેહી સ્વજન સંજયભાઈ ઠક્કર,

સર્વે નંબર શૂન્ય અગરિયા સમૂદાયની માત્ર જીવન વ્યથા નથી પરંતુ દરિયા જેવા દરિયા નજીક વસતા કરુણાગર્ભ જનજીવનની વ્યથા કથા છે. ડૉ. વસંતભાઈની આ રીતે તમે મને નજીક પહોંચાડયો એ આનંદ યાત્રા છે. પુસ્તકમાંથી પસાર થતાં મને વસંતભાઈ મળી ગયા ! એમની મોટી આખો અને એજ વૈભવી છતાં ભર્યા વરસાદ જેવું કે વડનગરના શમેળા તળાવ કે 'તોરણ' જેવું સર્વે નંબર વગરનું વ્યક્તિત્વ !?

આકાશવાણી અમદાવાદ પરથી અગરિયા વિશે જાણકારી અને લોકગીતો જ્યારે જ્યારે સાંભળીશ ત્યારે ડૉ. વસંતભાઈ મારા રૂમમાં અવશ્ય આવશે. આવું જેણે વિચાર્યું જેણે મને મોકલ્યું એજ દેવદૂત !?

વિનમ્ર

દિનેશ ભોજક

આદરણીય ભાઈશ્રી તથા પરિવારજનો,

આપનો પત્ર તથા વેબ સાઈટની પ્રિન્ટ આઉટ - મળી, ખરેખર આપે ખૂબજ પરિશ્રમ લીધો. તે બદલ ખૂબ આભારી છું. આ સાથે ચેક મોકલાવ્યો છે. જેમાં નામ - ગામ નો ઉલ્લેખ જરૂરી નથી. જેની નોંધ લેવા વિનંતી.

આભાર

લિ. માયાના સ્નેહવંદન

અમીતાબેન

આપ સર્વે સુખી રૂપ હોય તેવી પ્રભુને પ્રાર્થના. તમારી ઓળખાણ વડીલ શ્રી વસંતભાઈએ તથા આશા એ આપેલી જ છે. તમે વસંતભાઈનું કાર્ય સંભાળી લીધું છે અને તેને આગળ વધારવાનો પ્રયત્ન કરો છો, તે જાણી આનંદ થયો. અમે તમને રૂબરૂમાં મદદ રૂપ નથી થઈ શકતા તેનું દુઃખ છે.

અમારી ઓળખાણ તો આશાબેને આપી જ હશે. અમે ભારત ફરવા આવીશું ત્યારે તમને મળવાનો અમને આનંદ થશે.

શ્રી વસંતભાઈનું કામ તમે ઉપાડી લીધેલ છે તેથી આનંદ છે અમે તમારી સાથે જ છીએ. અમારે લાયક જે કાંઈ પણ કામ હોય તો વિના સંકોચે જણાવશો.

એજ લી.

ગૌતમ રંજનના જયહિંદ, જયશ્રી કૃષ્ણ

**ડૉ. કનુભાઈ વી. કલસરીયા**

ધારાસભ્ય ૫૪, મહુવા

સ્નેહી શ્રી સંજયભાઈ,

આપનો પત્ર મળ્યો, વિગતોથી અમને વાકેફ કરવા બદલ આભાર.

આપનાં આ સેવા યજ્ઞ માટે પૂ. મોરારીબાપુનાં આપને આશિર્વાદ પ્રાપ્ત થાય છે અને આપ પૂ. બાપુ સાથેનો સંપર્ક જાળી રહ્યાં છો, તે શ્રી જયદેવભાઈ પાસેથી જાણવા મળ્યું. આપની સાથે જોડાયેલા પરિવારનાં સભ્યો ને તથા આપ બંને ને હૃદયની શુભેચ્છા પાઠવું છું.

આભાર સહ...

પૂજ્ય શ્રી વસંતભાઈ પરીખની પાયાની મહેનતથી ઉભુ થયેલ ટ્રસ્ટ તેમની જ આગવી સૂઝ પ્રમાણે સેવા કાર્યો કરશે તેવી અભ્યર્થના સાથે.

નવનીતભાઈ ભલાવત

ચિ. ભાઈ સંજય, ચિ. અ.સૌ. બેન અમીતા

હૃદયની શુભેચ્છાઓ ખૂબ ખૂબ આશીર્વાદ ચિ. મુન્નીને અંતરનું વહાલ

આપ મળી ગયા, ખૂબ જ આનંદ થયો. પૂ. દાદાના કાર્યોને વેગવંતાં રાખો છો, જાણી આનંદ થાય છે. ત્યાર થી જ તમને બંનેને મળવાનું મન હતું, સામે જ, ઘણી ખુશી થઈ. પૂ.દાદાએ તો પોતાનાં માણસો જાણે વીણી વીણીને ગોત્યાં છે, કે તેમનાં કાર્યોમાં જરાપણ કચાશ ન આવે. કંઈ ખામી કે કંઈ કહેવાપણું ન રહે. આપ બંનેનાં તથા પસ્તીવાળી ક્ષણ બહેનોની વાતો પણ કરતા – લખતા અત્યારે આ કળિયુગ આવાં પરોપકારી નિઃસ્વાર્થી સજ્જનોને લીધે જ મહાન ખાઈ રહ્યો છે, બાકી તેનું જોર તો કેવું પ્રચંડ છે !

ભાઈ, તમને જોયા, જાણે પૂ. દાદા તમારામાં પુનઃ ઊભરી રહ્યાછે, તેવું લાગે છે. વાંચ્યું છે, સાંભળ્યું છે કે ફિનિક્સ (હમા) પક્ષીની રાખમાંથી જ બીજું પક્ષી પેદા થાય છે. ફિનિક્સ કદી મરતું જ નથી. તેમ મને પૂ. દાદાનો નવો અવતાર જાણે તમારામાં જ દેખાઈ રહ્યોછે. પ્રભુ તમને ખૂબ જ તાકાત આપે, સહનશીલતા એ જોમ આપે, વળી મજબૂત, ખડતલ અડગ મને આપે કે જે ગમે તેવા વિકટ સંજોગોમાં થાકી હારી ન જાય, પડી ન ભાંગે અને આ બધાં સેવા કાર્યો સુપેરે ચાલતાં જ રહે ? ગરીબોની પીડિતોની આશીષ આપને મળતી જ રહે ! એવી પરમ કૃપાળુને પ્રાર્થના !

તમારી સાથે વાતો કરવાનું બિહારની વાતો પૂછવાનું ખૂબ મન હતું, પણ સમયનો અભાવ ! ભાઈ, તમને શાંતિ હોય, સમય હોય, ત્યારે કદી કદી ફોન પર થોડી. ઘણી વાતો કરજો. મને ખૂબ આનંદ થશે.

સૌ.અમીતાને પ્રેમભરી યાદ, ચિ. બેબીને ખૂબ ખૂબ વહાલ

અંતઃકરણની શુભાશિષ

વાસંતી જોષી

શ્રી સંજયભાઈ ઠક્કર તથા સર્વે

જત આપના તરફથી ૧૨-૭-૨૦૦૭ લખેલ પત્ર આવ્યો તા. ૩૦-૭-૨૦૦૭ મળ્યો છે. પૂજ્યનીય ડૉ. વસંતભાઈ પરિખના તરફથી પુસ્તીકા મને મોકલેલ છે. તેમની કાર્યશક્તિ અને સાદાઈ અને નિર્મળ જીવન એક સંત પુરુષ જેવુ વડલા જેવુ કાર્ય લખવા માટે શબ્દો મળે ખરા ?

આપની સાથે પ્રથમ પત્ર રૂપી પરિચયમાં આવુ છે કરૂણા સેતુ ટ્રસ્ટ, પત્ર વાંચતા આપની અનેરી અદભૂત સેવા છે.

આપની કુશળ ચાહું છું, કુશળતાનો પત્ર લખશો.

સ્નેહ ભરીયાદ

શ્રી રવિશંકર વેણીરામ

અમારા રાજસીતાપુર ગામે શીતળા સાતમ શ્રી કૃષ્ણ જન્માષ્ટમી જાહેર તહેવારોમાં ગરીબ જનતા ભાઈ બહેનોની મંત્રી વેદના વ્યથા તહેવારો મોંઘવારીમાં કેવી રીતે કરવા ? બાળકોને પરંપરાગત મોહન થાળ અને પોતાના થયેલા તેલનું ટીપપુપણ લાવીશકે તેમ

આર્થિકસ્થિતીમાંની વેદના વ્યથા પૂ. સ્વ શ્રી વસંતભાઈ પરીખ ડૉ. શ્રી વડનગરના કરુણા સેતુ ટ્રસ્ટના ટ્રસ્ટીઓના કાને આર્તનાદ મંત્રીવાણીનો વેવ તેઓ શ્રીના કાને આ ગરીબ જનોની વાત અમોએ પત્ર પોસ્ટકાર્ડમાં જેતે વ્યક્ત કરેલ જેના અનુસંધાને કરુણા સેતુ ટ્રસ્ટના સેવાર્થી ભાઈ શ્રી સંજયભાઈ ઠક્કરના કાને અથડાતા તેઓશ્રીના ધર્મ પત્ની પૂ. શ્રી અમીતાબેન તથા પૂ. શ્રી રીટાબેન બે બહેનો વરસાદી માહોલ છતાં આવ્યા અને મારૂ ઘર શોધી ગોતી કાઢી મારા રેસીડેન્ટ મકાનમાંના કંપાઉન્ડમાં વિજળી પણ ન હતી છતાં અમારી ગામની વૃધ્ધવિધવા નિરાધાર માતાઓ તથા બહેનો અને ભાઈઓને બહેનોને નવી સાડી, ભાઈઓ યુવાન દીકરા તથા બાળકોને કપડા અને દરેકને એક એક કીલો ઉપરાંત મોહનથાળનું ભરપુર પેકેટ આપવામાં આવ્યા.

સાડીઓ કુલ ૮૫ બહેનોને કપડાઓ બાળકો તથા યુવાનોને ૧૦૦ પરિવાર જન અને મોહન થાળ પેકેટ ૧૦૦/- પરિવાર જનને આપવામાં આવ્યા.

જેઓ પણ તા. ૨૩-૦૯-૨૦૦૭ને રવીવારના રાત્રે પરત થઈ ગયા

હવે મુળી તાલુકાના સડલા (સરલા) ગામે કેમ્પ આયોજીત અર્થે માગણી જેતે ગ્રામ જનોની છે. જે તે કેમ્પ આયોજીત તારીખ મેળવવા પ્રયત્ન ચાલુ છે.

આમ આ ઉપરોક્ત પરિસ્થિતી કામગીરીના કારણે જવાબ પાઠવવામાં વિલંબ થયેલ છે.

આમ રાજસીતાપુર ગામે ગરીબ પરિવાર જનોની જાહેર તહેવારોની ઉજવણીની વ્યથા વેદના આકાશમાંથી મેઘવર્ષા થતા દુષ્કાળ દૂર તેના જેમ જ આફત આશિર્વાદમાં પલટાઈ ગઈ પ્રભુ કૃપા થકી રાજસીતાપુરના ગરીબ જનોના પરિવારે રંગે ચંગે જાહેર તહેવારોની ઉજવણી આનંદ ભેળ કરી જે તે કરુણા સેતુ ટ્રસ્ટના શ્રી સંજયભાઈ ઠક્કર, તથા શ્રી અમીતાબેન તથા શ્રી રીટાબહેનની કાર્યવાહી કારણે આફત આશિર્વાદ થઈ પડી જે અંગે ખૂબ - ખૂબ આભાર સહ અભિનંદન જે તે પરિવાર જનવતી પાઠવવાની સર્વે એ મને જે તે તક બદલ ફરી ફરી આભાર સહ વિરમુ છું.

અસ્તુ હરિ : ૐ સાથે

મનુભાઈ પઢિયારના

નમસ્કાર

રાજસીતાપુર

આ. સંજયભાઈ અને કરૂણા સેતુ ટ્રસ્ટના સહુ ટ્રસ્ટીઓ અને પરિવારજનો,

સાદર વંદન આપે સર્વે નંબર શૂન્ય પુસ્તિકા ભાવપૂર્વક, યાદ કરીને મોકલી આપી તે માટે ઉપકૃત છું. પૂ. ભાઈનું સ્મરણ તાજું થયું. એ તો પૃથ્વી પર ફરતો ફિરસ્તો જ હતો. દુઃખીઓનાં આંસુ લૂછવાની વિદ્યા-કળા તેમને આવડતી અને અનાસ્કત ભાવે, સહજભાવે છતાં પૂરી કરુણા અને સંવેદનશીલતાથી તેઓ તે કરતા રહ્યા. તેમનું સ્મરણ જ રોમાંચ અને પ્રેરણા આપી રહે છે.

આપ સહુ તેમનાં કામોને આગળ વધારતા જ હશો. દિન-દુઃખિયાંની સેવા ચાલતી રહે તે જ તેમની સાચી શ્રદ્ધાંજલિ એ સ્મૃતિ હોઈ શકે. અમારાં કામોને તેમની મીઠી હૂંફ હતી. તેમની વિદાયથી અમે પણ જાણે રાંક બની ગયાં છીએ. તેઓ તો આ અવતાર સાર્થક કરી ગયા. એ દીપક આપણને સહુને પ્રકાશ અને તેજ, ઓજ અને ઉર્જા આપ્યા જ કરશે. તે કદિ ક્યાં બોલાવાનો છે !

સર્વે નંબર શૂન્ય પુસ્તિકાની છબીઓ અને વિગતો ઊંડી કસકમાં, ગહરા દર્દમાં ખેંચી જાયછે. ધોળું મીઠું કાળી મજુરી, પુસ્તિકાની માત્રા જાણે આગળ ચાલી છે. સમાજ વ્યવસ્થા, રાજ્યતંત્ર અને જીવનની આ વાસ્તવિકતા છે જે આપણને આકુળ-વ્યાકુળ કરી નાખે છે. પૂ.ભાઈનું સામર્થ્ય હતું, તેઓ બોલી ન રહેતા ને મંડી પડતા, ખરી પડતા અને આ સ્થિતિને નરમી-ગરવી કરવા બજાતા.

આ પુસ્તિકા મોકલીને આપે પૂ.ભાઈનું સ્મરણ... જાણે તેમની મુદ્રા જ પ્રત્યક્ષ કરી અને તે જ પુરુષ, પુણ્યપુરુષની એ મુદ્રા સામે સહજ જ અનાયાસ નતમસ્તક થઈ જવાય છે.

સહુને ભાવભર્યા વંદન અને સ્મરણ આભાર સાથે

રમેશ સંઘવી

જાફરાબાદ

સસ્નેહ ભાવવંદન

સર્વે નંબર શૂન્ય પુસ્તિકા મળી, આભાર.

અગરીયાની જીવંત વ્યથા દર્શાવતી પુસ્તિકા ધોળું મીઠું કાળી મજુરી મળી આત્મિય પ્રિય ડૉ. વસંતભાઈએ મોકલેલા. સાથે પત્રમાં એટલું જ લખેલું ...

હલબલી જશો ભાઈ-દીદી-બધું જોયા જાણ્યા પછી... વસંત

ખરેખર વ્યથિત થવાયું. તેમના શબ્દોમાં કેટલી સંવેદના ભરી હતી. !

અનુસંધાને પૂ.ભાઈનું અધુરૂં કામ પૂર્ણ કરવા તમે આ પુસ્તિકા છપાવી ઉત્તમ કામ કર્યું. આ પુસ્તિકા પણ વેદના-વ્યથા ઉપજાવે તેવું - સુંદર રજુઆત ફોટાઓ પણ મનને વલોવે તેવા. આ માટે આ.શ્રી અંબુભાઈ પટેલને અમારા અંતરના અભિનંદન સહ અભિવાદન પહોંચાડશો. તમારૂં આ કાર્ય સ્તુત્ય -ભાઈ પ્રત્યેનું યોગ્ય તર્પણ.

ભાઈ - આ વ્યથા તો વાંઝણી છે અમે આ વિરાય સમસ્યામાં યોગદાન આપી શકતા નથી. ડૉ. પ્રવિણભાઈ અજ ડૉ. વર્ષાબેનને પણ આ પુસ્તિકા મળ્યા પછી ફોનમાં વાત કરી હતી. (ડીસા) એક નમ્ર સૂચન કર્યું ! આ પુસ્તિકા મા.શ્રી. નરેન્દ્રભાઈ મોદી-મુખ્ય પ્રધાનને મોકલવી. સાથે હોમ ડીપાર્ટમેન્ટ એજ માહિતી અને પ્રસારણ વિભાગને પણ શ્રી નરેન્દ્રભાઈને ડૉ. વસંતભાઈ પ્રત્યે અત્યંન સાદા અને સ્નેહ હતો. તેઓ અંગત રસ લેશે. આપણે ઠેલો મારવો - આંગળી ચિંધ્યાનું પ્રત્ય - ફળ - અમલ પ્રભુ ઉપર છોડવું. પ્રભુ ઈચ્છા

મને આછું સ્મરણ છે કે કચ્છના નાનારણ વિસ્તાર અગરીયા માટે સરકારે ૧૧ કરોડ જેવી રકમ ફાળવી છે. આ સત્ય હોય તો આપણે ધ્યાન દોરી શકાય. વિચારશો. ભાઈની ચિર વિદાયને - નિર્વાણને જોતજોતામાં એક વર્ષ થયું. સ્મૃતિ ઓવીજ જીવંત છે તમો સહુ ટ્રસ્ટનું ઉમદા કાર્ય કરી - આ.શ્રી. પ્રભા બહેન અને ડૉ. વસંતભાઈની સ્મૃતિ જીવંત માયો છે તે માટે અંતરના અભિનંદન / શુભેચ્છા.

ભાઈના નિર્વાણદિને વડનગરમાં તેમના નિવાસ સ્થાને પૂ. ભંતેજીની ઉપસ્થિતિમાં પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું છે. USA થી ચિ. આશાબહેન પણ હાજરી આપશે એમ ડૉ. વર્ષાબિન (ડીસા) ધ્વારા જાણ્યું. અને સ્વાસ્થ્યની પ્રતિકૂળતા - નહિંતર મન ખેંચાય - અમે અહિંજ તે દિવસે પ્રાર્થના કરીશું. અહિ અટકું સહુ મિત્રો -વડીલો -ટ્રસ્ટીઓને સ્મરણ સહ વંદન

લિ. ડૉ. જીતેન્દ્ર મુલાણી
ના ભગવત સ્મરણ

આદરણિય શ્રી સંજયભાઈ

થાન નીના શાહના જય શ્રી કૃષ્ણ સાથે સપ્રેમ નમસ્કાર.

વડનગર કરૂણા - સેતુ ટ્રસ્ટ મારફત, આપની ચીઠ્ઠી સાથે સર્વે નંબર શુન્ય - કાળી મજુરી ધોળુ મીઠુ શ્રેણીના બીજા પુસ્તકનું આપણા સૌના અવિસ્મરણીય, હૃદયસ્થ, આત્મીય અંકલ (શ્રી વસંતભાઈ)ના કાર્યોને જીવંત રાખના પ્રયાસ રૂપે, પુનિત પ્રકાશન કરી મારા જેવી સામાન્ય વ્યક્તિ ને મોકલેલ છે. જે મેળવીને આપ સૌને ખૂબ જ ખૂબ ધન્યવાદ મને મોકલવા બદલ અંતઃકરણ પૂર્વક આપનો ખાસ આભાર આ પત્રથી માનું છુ.

સુશ્રી વ્હાલા અમિતાબહેન પસ્તી ડોનેશન મંત્ર થી અને સંજયભાઈ આપ, સંકલના સેવા યજ્ઞમાં, પુસ્તીકા પ્રકાશનમાં, પહેલા અને પછી થી પણ જે રીતે તન,મન,ધનની આહુતિ અર્પણ કરી આંટી-સંકલને યથોચિત્ત, ઉત્તમ, ઉત્કૃપટ, હૃદયાંજલિ અર્પણ કરો છો તે જાણી આપ બન્ને અમારા માટે અધિક આદર પાત્ર, માનનીય વંદનીય છો અને મને પૂરી શ્રધ્ધા છે કે તે બન્નેના દિવ્ય આત્મા આપના કાર્યોની નોંધ લઈને આનંદિત હશે.

લગભગ ૧ વર્ષના વસમા ગાળા બાદ, વડનગરનું કવર હાથમાં લેતા જ સદૈવ સ્મરણે રમતા અંકલ આંટીજીની તાજી, સાત્ત્વિક પવિત્ર યાદોમાં ભીનાશ ભળી. પુસ્તિકાથી સ્મરણોના પૂર ઉભર્યા. આમ પણ માર્ચ મહિનાની શરૂઆત થી જ અંકલ-આન્ટીનો સત્સંગ વધારે સ્મરણે રહેતો હોઈ. બહુ વિષાદ અનુભવાતો. આ પુસ્તિકા અંકલનો વિરહ અને અગરિયાની ભીષણ દુર્દશા કથા થી બેવડા વ્યથિત થયા

કરૂણા - સેતુ ટ્રસ્ટના હાર્દ એમાં જ ઓત-પ્રોત રહેલા અંકલ - આન્ટીજીનું પ્રાણ તત્વ આપ બન્નેના પ્રત્યેક સેવાકીય, પરમાર્થિક કાર્યમાં અદ્રશ્ય હાથે સદાય સહાય કરતા જ હોય એજ શ્રધ્ધા સહ આપની ખુબ જ આભારી

નીના શાહના પ્રણામ

# કર્તવ્ય - યજ્ઞના પુરોહીતો (દાન-ભેટ)

## ૨૦૦૭-૨૦૦૮

| અ.નં. | દાતાશ્રીનું નામ | રહેઠાણ | દાનની રકમ |
|---|---|---|---|
| ૧. | શ્રી જયકૃષ્ણભાઈ એમ. આચાર્ય | ઉંઝા | ૧૦૨૫/- |
| ૨. | સ્વ. મણીબેન મોતીલાલ અમથારામ પટેલ | વડનગર | ૧૦૦૨/- |
| ૩. | સ્વ. કમળાબેન દશરથલાલ પટેલ | વડનગર | ૫૦૧/- |
| ૪. | શ્રી અશિતભાઈ એ. મોદી | મુંબઈ | ૫૦૦૦/- |
| ૫. | શ્રીમતી લીલાબેન એ. મોદી | મુંબઈ | ૫૦૦૦/- |
| ૬. | શ્રી વીવાન એસ. પટેલ | મુંબઈ | ૧૦૦૦/- |
| ૭. | આદરણીય ઈન્દીરાબહેન ઠક્કર | વડનગર | ૧૦૦/- |
| ૮. | આદરણીય ચેતનાબહેન ઠક્કર | સુરત | ૨૦૦/- |
| ૯. | આદરણી નીલમબહેન પરીખ | નવસારી | ૨૦૦૦/- |
| ૧૦. | શ્રી અંબાલાલ સો. પટેલ | આણંદ | ૨૫૦૦૦/- |
| ૧૧. | આ. તરલકિબહેન નવીનચંદ્ર પટેલ | આણંદ | ૫૦૦૦/- |
| ૧૨. | શ્રી સંજયકુમાર ચંપકલાલ ઠક્કર | અમદાવાદ | ૧૨૦૦૦/- |
| ૧૩. | શ્રી શશીકાન્તભાઈ એમ. મહેતા | મુંબઈ | ૨૫૦૦/- |
| ૧૪. | શ્રી ડૉ. પ્રવીણભાી બી. શાહ | ડીસા | ૧૧૦૦/- |
| ૧૫. | શ્રી કુન્દનલાલ આર. શાહ | મુંબઈ | ૫૦૦૦/- |
| ૧૬. | સર્વોદય આરોગ્ય નિધિ | રાધનપુર | ૨૫૦૦૦/- |
| ૧૭. | શ્રી શાંતાબહેન અમૃતલાલ પટેલ | મુંબઈ | ૧૦૦૦/- |
| ૧૮. | આદરણીય શીલ્પાબહેન પટેલ | અમદાવાદ | ૬૫૦૦/- |
| ૧૯. | આદરણીય સ્વીટીબહેન ઠક્કર | સુરત | ૧૫૦૦/- |
| ૨૦. | આદરણીય મીનાબહેન રાજુભાઈ ભાવસાર | અમદાવાદ | ૨૦૦/- |
| ૨૧. | આદરણી રસીલાબહેન માધાણી | અમદાવાદ | ૧૫૦/- |
| ૨૨. | સર્જન પરવિાર વેસ્ટ પેપર એકાઉન્ટ | અમદાવાદ | ૯૦૮૫/- |
| ૨૩. | ઈન્દ્રપ્રસ્થ પરીવાર વેસ્ટ પેપર એકાઉન્ટ | અમદાવાદ | ૭૮૬૩/- |
| ૨૪. | ગોયલ ઈન્ટરસીટી વેસ્ટપેપર એકાઉન્ટ | અમદાવાદ | ૧૮૭૮/- |
| ૨૫. | શ્રી સંજયકુમાર સી. ઠક્કર | અમદાવાદ | ૯૧૦/- |
| ૨૬. | ઈન્દ્રપ્રસ્થ પરિવાર વેસ્ટપેપર એકાઉન્ટ | અમદાવાદ | ૧૬૦૦/- |
| ૨૭. | આદરણીય ઈલાબહેન પટેલ | અમદાવાદ | ૧૦૦/- |

| | | | |
|---|---|---|---|
| ૨૮. | આદરણીય રીટાબહેન પટેલ | અમદાવાદ | ૩૦૦/- |
| ૨૯. | શ્રી સંજયકુમાર સી. ઠક્કર | અમદાવાદ | ૧૯૫૦/- |
| ૩૦. | શ્રી ચિત્તકુટધામ - તલગાજરડા (મહુવા) | તલગાજરડા | ૧૦૦૦૦૦/- |
| ૩૧. | શ્રી જીતેન્દ્રભાઈ નવટવરલાલ મણીયાર | અમદાવાદ | ૨૫૦૦/- |
| ૩૨. | શ્રી ગોયલ પરવિાર વેસ્ટ પેપર એકાઉન્ટ | અમદાવાદ | ૩૧૪૦/- |
| ૩૩. | શ્રી સર્જન ટાવર પરીવાર વેસ્ટપેપર એકાઉન્ટ | અમદાવાદ | ૩૦૦૦/- |
| ૩૪. | શ્રી દીપકભાઈ શંકરલાલ પરીખ | કઠલાલ | ૧૧૧/- |
| ૩૫. | શ્રી જીગરભાઈ પી. વૈદ્ય | વડનગર | ૧૦૦૧/- |
| ૩૬. | શ્રી દશરથભાઈ આર. પટેલ | અમદાવાદ | ૫૧૦૦/- |
| ૩૭. | સ્વ. હીરાબહેન મણીલાલ પટેલ | કરશનપુરા | ૧૦૦૧/- |
| ૩૮. | શ્રી દેવેન્દ્રભાઈ બી. ભણશાલી | મુંબઈ | ૨૦૦૦/- |
| ૩૯. | સ્વ. શ્રી જયંતીલાલ વાડીલાલ ગાંધી | મુંબઈ | ૨૦૦૦/- |
| ૪૦. | શ્રી મયુરભાઈ લાલન | મુંબઈ | ૫૦૦/- |
| ૪૧. | શ્રી વિનોદચંદ્ર હરિલાલ મહેતા | મુંબઈ | ૪૦૦૦/- |
| ૪૨. | શ્રી પ્રતાપભાઈ ઠક્કર | અમદાવાદ | ૨૭૦૦/- |
| ૪૩. | શ્રીમતિ નીલંજનાબહેન એસ. શાહ | અમદાવાદ | ૧૦૦૦/- |
| ૪૪. | ડૉ. સુબોધભાઈ જે.શાહ | અમદાવાદ | ૫૦૦/- |
| ૪૫. | શ્રીમતિ હેમાબેન જે. જોષી | વડોદરા | ૩૫૦/- |
| ૪૬. | સર્જન પરિવાર વેસ્ટ પેપર એકાઉન્ટ | અમદાવાદ | ૫૦૦૦/- |
| ૪૭. | ઈન્દ્રપ્રસ્થ પરિવાર વેસ્ટ પેપર એકાઉન્ટ | અમદાવાદ | ૧૫૦૦/- |
| ૪૮. | કે. એલ. એમ. ડી. સી. વેસ્ટ પેપર એકાઉન્ટ | અમદાવાદ | ૫૦૦૦/- |
| ૪૯. | શ્રીમતી હીરાબેન ચતુરદાસ પટેલ | અમદાવાદ | ૫૦૦૦/- |
| ૫૦. | શ્રીમતી નીશાબહેન આર. પટેલ | અમદાવાદ | ૫૦૦૦/- |
| ૫૧. | શ્રીમતી ગીતાબહેન અરવિંદકુમાર પટેલ | અમદાવાદ | ૫૦૦૦/- |
| ૫૨. | શ્રીમતી સંગીતાબહેન મહેન્દ્રભાઈ પટેલ | અમદાવાદ | ૫૦૦૦/- |
| ૫૩. | શ્રીમતી હીરાબહેન ડાહ્યાભાઈ પટેલ | અમદાવાદ | ૫૦૦૦/- |
| ૫૪. | શ્રીમતી કૈલાસબહેન જયંતિભાઈ પટેલ | અમદાવાદ | ૫૦૦૦/- |
| ૫૫. | શ્રી જયંતિભાઈ ડાહ્યાભાઈ પટેલ | અમદાવાદ | ૫૦૦૦/- |
| ૫૬. | શ્રીમતિ મંદાકીનીબહેન દીપકભાઈ પટેલ | અમદાવાદ | ૫૦૦૦/- |
| ૫૭. | મિથિલ મણીયાર હ. સતીષભાઈ | અમદાવાદ | ૨૦૦૦/- |
| ૫૮. | શ્રી અમૃતભાઈ ચુનીલાલ પટેલ | અમદાવાદ | ૧૨૦૦૦/- |

| | | | |
|---|---|---|---|
| ૫૯. | શ્રી અતુલ મહેતા | ઈન્દોર | ૫૦૦૦/- |
| ૬૦. | મેસર્સ નંદ એજન્સી | અમદાવાદ | ૧૫૦૧/- |
| ૬૧. | મેસર્સ નંદ ટ્રેડીંગ કંપની | અમદાવાદ | ૧૫૦૧/- |
| ૬૨. | મેસર્સ નીશાન માર્કેટીંગ | અમદાવાદ | ૨૦૦૧/- |
| ૬૩. | શ્રી જીતુભાઈ ખોતા | અમદાવાદ | ૨૫૦૧/- |
| ૬૪. | શ્રી વજીરસીંગ | સુરત | ૧૧૦૦/- |
| ૬૫. | ગં.સ્વ. શ્રીમતિ પ્રેમીલાબેન જયંતિલાલ ગાંધી | મુંબઈ | ૨૦૦૦/- |
| ૬૬. | શ્રી પુજા ટ્રાન્સ. સેવા. પ્રા. લિ. | સુરત | ૫૦૦૦/- |
| ૬૭. | શ્રી મહાલક્ષ્મી કેમીકલ્સ એજન્સી. પ્રા. લિ. | અમદાવાદ | ૫૦૦૦/- |
| ૬૮. | એક વિનમ્ર દાતા | ભરૂચ | ૨૦૦૦/- |
| ૬૯. | શ્રી સૌરભભાઈ નટવરલાલ સટ્ટા | ભરૂચ | ૩૦૦૦/- |
| ૭૦. | શ્રી રાહુલભાઈ ઈન્દુભાઈ દોશી | અમદાવાદ | ૧૦૧૦/- |
| ૭૧. | શ્રી રવીન્દ્રભાઈ એન. મણીયાર | પુના | ૨૫૦૦/- |
| ૭૨. | ડૉ. સ્મિતાબેન બકુલભાઈ ધ્રુવ | મુંબઈ | ૧૦૦૦/- |
| ૭૩. | શ્રી મહેશભાઈ લક્ષ્મણભાઈ પ્રજાપતિ | સબલપુર | ૫૦૦/- |
| ૭૪. | શ્રીમતિ ચંદનબહેન બી. પટેલ | વિદ્યાનગર | ૧૫૦૦૦/- |
| ૭૫. | શ્રીમતિ આશાબહેન હેમંતભાઈ ઝવેરી | સુરત | ૨૫૦૦/- |
| ૭૬. | શ્રી યમુનાજી એન્ટરપ્રાઈઝ | રાજકોટ | ૨૫૦૧/- |
| ૭૭. | શ્રી સર્જન પરિવાર વેસ્ટપેપર એકાઉન્ટ | અમદાવાદ | ૭૯૦૦/- |
| ૭૮. | શ્રી ઈન્દ્રપ્રસ્થ પરિવાર વેસ્ટ પેપર એકાઉન્ટ | અમદાવાદ | ૩૫૦૦/- |
| ૭૯. | શ્રીમતિ દીપ્તીબહેન નુતનભાઈ ઠક્કર | અમદાવાદ | ૨૦૦/- |
| ૮૦. | આદરણીય છાયાબહેન કપીલકુમાર ઠક્કર | અમદાવાદ | ૫૫૦/- |
| ૮૧. | આદરણીય જીગીશાબહેન | અમદાવાદ | ૨૫૦/- |
| ૮૨. | શ્રી બાલકુષ્ણભાઈ ઠક્કર | અમદાવાદ | ૨૫૦૦/- |
| ૮૩. | શ્રીમતિ ધરતીબહેન ઈનામદાર | અમદાવાદ | ૫૦૦/- |
| ૮૪. | શ્રી ગોયલ પરિવાર વેસ્ટ પેપર એકાઉન્ટ | અમદાવાદ | ૧૦૦૦/- |
| ૮૫. | કે.એલ.એમ.ડી.સી. વેસ્ટ પેપર એકાઉન્ટ | અમદાવાદ | ૩૦૦૦/- |
| ૮૬. | શ્રી સર્જન પરિવાર વેસ્ટ પેપર એકાઉન્ટ | અમદાવાદ | ૧૨૦૦૦/- |
| ૮૭. | શ્રી ઈન્દ્રપ્રસ્થ પરિવાર વેસ્ટ પેપર એકાઉન્ટ | અમદાવાદ | ૨૧૦૦/- |
| ૮૮. | સ્વ. ભાનુપ્રસાદભાઈ ભોગીલાલ ઠક્કર | સુરત | ૨૦૦/- |
| ૮૯. | આદરણીય ઉષાબેન હસમુખભાઈ ઠક્કર | અમદાવાદ | ૧૫૦/- |

| | | | |
|---|---|---|---|
| ૯૦. | શ્રી ભાવીનકુમાર ઈનામદાર | અમદાવાદ | ૨૫૦૧/- |
| ૯૧. | શ્રી વિવનભાઈ એસ. પટેલ | વડોદરા | ૧૦૦૦૦/- |
| ૯૨. | મેસર્સ પન્ના રોડવેઝ | અમદાવાદ | ૧૧૦૦/- |
| ૯૩. | મેસર્સ સેન્ટ્રલ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન | અમદાવાદ | ૧૫૦૦/- |
| ૯૪. | સ્વ. કસુમબહેન રમણલાલ હરગોવનદાસ પટેલ | વડનગર | ૫૦૦૦/- |
| ૯૫. | પ્રો. ભારતીબેન રણછોડભાઈ ઠક્કર | વિસનગર | ૧૦૦૦૦/- |
| ૯૬. | શ્રીમતી આશાબેન હેમંતભાઈ ઝવેરી | સુરત | ૨૦૦૦૦૦/- |
| ૯૭. | આદરણીય હસમુખલાલ સી. ઠક્કર | અમદાવાદ | ૫૦૦૧/- |
| ૯૮. | શ્રી વાડીલાલ ભોગીલાલ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ | મુંબઈ | ૧૦૦૦૦/- |
| ૯૯. | શ્રી ઉત્કર્ષ મુકેશભાઈ ઠક્કર | અમદાવાદ | ૫૦૦૧/- |
| ૧૦૦. | આદરણીય શશીકાન્તભાઈ મ.મહેતા | મુંબઈ | ૫૦૦૦/- |
| ૧૦૧. | આદરણીય રેણુકાબેન પરીખ | નાગપુર | ૧૦૦૦/- |
| ૧૦૨. | આદરણીય રમેશભાઈ આર. દવે. | રાજકોટ | ૨૫૦/- |
| ૧૦૩. | આદરણીય અશોકસિંહ દરબાર | અમદાવાદ | ૨૦૦૦/- |
| ૧૦૪. | શ્રીમતિ રસીલાબહેન માઘાણી | અમદાવાદ | ૨૦૦/- |
| ૧૦૫. | શ્રીમતિ દક્ષાબહેન સંજયભાઈ પટેલ | અમદાવાદ | ૫૦૧/- |
| ૧૦૬. | શ્રીમતિ શિલ્પાબહેન / ઈલાબહેન પટેલ | અમદાવાદ | ૭૦૦/- |
| ૧૦૭. | સ્વ. ઉત્કર્ષ મુકેશભાઈ ઠક્કર | અમદાવાદ | ૫૦૦૦૦/- |
| ૧૦૮. | શ્રી સંજયભાઈ ચંપકલાલ ઠક્કર | અમદાવાદ | ૧૦૦૦૦૦/- |
| ૧૦૯. | શ્રી ત્રિલોકીનાથ ગંગાદાસ ગોઠી | દિલ્હી | ૧૦૦૧/- |
| ૧૧૦. | આદરણીય આશાબેન નિલેષભાઈ શાહ | અમદાવાદ | ૫૦૦૦/- |
| ૧૧૧. | શ્રી મંજિતભાઈ ગાંધી | અમદાવાદ | ૧૫૦૦/- |
| ૧૧૨. | આદરણીય છાયાબહેન કપિલકુમાર ઠક્કર | હિંમતનગર | ૧૦૦૧/- |
| ૧૧૩. | શ્રી સર્જનટાવર વેસ્ટ પેપર એકાઉન્ટ | અમદાવાદ | ૫૧૦૧/- |
| ૧૧૪. | શ્રી મનીષભાઈ વી. શાહ | અમદાવાદ | ૫૦૦૦/- |
| ૧૧૫. | શ્રી રવિન્દ્રકુમાર બી. પટેલ | મુંબઈ | ૧૫૦૦૦/- |
| ૧૧૬. | શ્રી કે.એલ. એમ.ડી.સી. (આઈ.આઈ.એમ) વેસ્ટ પેપર એકાઉન્ટ | અમદાવાદ | ૪૭૫૦/- |
| ૧૧૭. | શ્રી ઈન્દ્રપ્રસ્થ પરિવાર વેસ્ટપેપર | અમદાવાદ | ૧૮૦૦/- |
| ૧૧૮. | એક વિનમ્ર દાતા | ભરુચ | ૫૦૦૦/- |
| ૧૧૯. | એક વિનમ્ર દાતા | બરોડા | ૨,૦૦,૦૦૦ |
| ૧૨૦. | આદરણીય સ્વ. દિપકભાઈ છત્રપતિ | પાલનપુર | ૨૧૦૧/- |

| | | | |
|---|---|---|---|
| ૧૨૧. | આદરણીય ભગવાનભાઈ ભોગીલાલ પટેલ | મુંબઈ | ૭૩૦૦૦/- |
| ૧૨૨. | આદરણીય મધુવનભાઈ પરીખ | મુંબઈ | ૫૦૦૦/- |
| ૧૨૩. | શ્રીમતિ માયાબહેન જનાર્દનભાઈ દેસાઈ | વલસાડ | ૩૦૦૦/- |
| ૧૨૪. | આદરણીય વાસંતીબેન વ્રજલાલ જોષી | પાટણ | ૨૦૦૦/- |
| ૧૨૫. | શ્રી રામભરોસે | વડનગર | ૧૦૦/- |
| ૧૨૬. | શ્રી રાસબિહારી પી.મણીયાર | મુંબઈ | ૧૦૦૦૦/- |
| ૧૨૮. | શ્રીમતી ધીરજબહેન નરેન્દ્રભાઈ નાણાવટી | સુરત | ૧૦૦૦૦/- |
| ૧૨૯. | શ્રીમતી જયોત્સનાબહેન માધુભાઈ ચૌધરી | મહેસાણા | ૧૧૦૦૦/- |
| ૧૩૦. | શ્રી બી.આર. ધોળાભાઈ ચેરીટેબલ ટ્રસ્ટ | સુરત | ૫૦૦૦/- |
| ૧૩૧. | શ્રી નવનીતભાઈ સી. મણીયાર ચેરીટેબલ ટ્રસ્ટ | મુંબઈ | ૧૧૦૦૦/- |
| ૧૩૨. | શ્રીમતી આશાબહેન હેમંતકુમાર ઝવેરી | સુરત | ૧૧૦૦૦/- |
| ૧૩૩. | શ્રી નટવરલાલ સી. મણીયાર ચેરીટેબલ ટ્રસ્ટ | મુંબઈ | ૧૧૦૦૦/- |
| ૧૩૪. | શ્રી ભક્તિદ્વારા ચેરીટેબલ ટ્રસ્ટ | બરોડા | ૧૦૦૦૦/- |
| ૧૩૫. | શ્રી દિનેશભાઈ એચ. પંડ્યા | વડોદરા | ૧૫૧/- |
| ૧૩૬. | આદરણીય ધર્મેશભાઈ સોની | અમદાવાદ | ૧૦૦૦/- |
| ૧૩૭. | આદરણીય શ્રીમતી અલકાબેન રવીભાઈ સોપારીવાળા | સુરત | ૨૫૦૦૦/- |
| ૧૩૮. | આદરણીય ડૉ. પ્રવીણભાઈ ભોગીલાલ શાહ | ડીસા | ૧૦૦૦/- |
| ૧૩૯. | શ્રી સીનીયર સીટીઝન કાઉન્સીલ | મહેસાણા | ૫૦૦૦/- |
| ૧૪૦. | આદરણીય શ્રી ગોવિંદભાઈ રાવલ | અનેરા | ૧૦૦૦/- |
| ૧૪૧. | આદરણીય શ્રી રાજેન્દ્રભાઈ એમ. કપાસી | અમદાવાદ | ૨૦૦૦/- |
| ૧૪૨. | આદરણીય નીલમબહેન પરીખ | નવસારી | ૩૦૦૦/- |
| ૧૪૩. | આદરણીય સંજયભાઈ ઝવેરી | યુ.એસ.એ. | ૪૫૩૭૬/- |
| ૧૪૪. | આદરણીય રાજીવભાઈ શાહ | યુ.એસ.એ. | ૧૦૩૧૨/- |
| ૧૪૫. | આદરણીય નરેન્દ્રભાઈ નાણાવટી | યુ.એસ.એ. | ૧૦૩૧૨/- |
| ૧૪૬. | આદરણીય હેમંતભાઈ ઝવેરી | યુ.એસ.એ. | ૧૭૮૨/- |
| ૧૪૭. | નિલેષ એસ. પટેલ એન્ડ શ્રીમતિ ચેતના પટેલ | યુ.એસ.એ. | ૪૩૨૪૭/- |
| ૧૪૮. | કે.પી.સી.એ. C/o. શ્રી રાહુલભાઈ કપાસી | યુ.એસ.એ. | ૧૯૬૪૧૬/- |
| ૧૪૯. | શ્રી ખતોડા ગ્રામ સમસ્ત ગ્રામજનો તરફથી | ખતોડા | ઘઉંબોરી -૪ |
| ૧૫૦. | શ્રી મહેશભાઈ લક્ષ્મણભાઈ પ્રજાપતિ | સબલપુર | ઘઉંબોરી - ૧ |
| ૧૫૧. | શ્રીમતિ રેણુકાબેન હસમુખભાઈ ચોકસી | વડનગર | ૧૦૧/- |
| | | કુલ | ૧૫૭૬૧૩૭/- |

# ટ્રસ્ટી મંડળ


| | | |
|---|---|---|
| (૧) | રમણલાલ હરગોવનદાસ પટેલ | પીઠોળી દરવાજા, વડનગર |
| (૨) | અમીતાબેન સંજયકુમાર ઠક્કર | એફ-૭૦૧, સર્જન ટાવર, મેમનગર, અમદાવાદ. |
| (૩) | આશાબેન હેમંતકુમાર ઝવેરી | ૬૦૧, જલદર્શન એપાર્ટ., નાનપુરા, સુરત |
| (૪) | દિવ્યેશકુમાર સુરેશચંદ્ર વ્યાસ | શ્રી દ્વારકાધીશજીની ખડકી, ઘી કાંટા રોડ, વડનગર. |
| (૫) | મુકેશકુમાર મોતીલાલ પટેલ | પીઠોળી દરવાજો, વડનગર. |
| (૬) | નવનીતભાઈ મીઠાલાલ સથવારા | ભવાનની શેરી, નદીઓળ દરવાજા, વડનગર. |
| (૭) | સંજયકુમાર ઠક્કર | એફ-૭૦૧, સર્જનટાવર, મેમનગર, અમદાવાદ. |


: ઓડીટર્સ :

મુકુન્દ એચ. પંડયા એન્ડ કાું.

પાટણ.

| | | |
|---|---|---|
| રજીસ્ટ્રેશન નંબર | : | ઈ - 2664 મહેસાણા |
| F.C.R. No. | : | 042060030 |

આયકર મુક્તી સર્ટીફીકેટસ

| | | |
|---|---|---|
| 35 AC મુજબ 100% | : | (રિન્યુઅલની કાર્યવાહી ચાલુ છે.) |
| 80 (G) મુજબ 50% | : | 31માર્ચ 2010 સુધી |


સરનામુ

## "કરુણા સેતુ ટ્રસ્ટ"

અન્નક્ષેત્ર, બસ ડેપોની સામે,

વડનગર-384355

ફોન : (02761) 222025

Website : www.karunasetutrust.org.

## એટલું ન ભરીએ

મજાના જામમાં એટલું ન ભરીએ
કે પાવાની ચાનક જ મારી જાય.
ખજાનામાં એટલી જાન ન ભરીએ
કે જગતની પહેચાન મારી જાય.
જાતને જમાનામાં એટલી ન ભરીએ
કે જનાજાની અદબ મારી જાય.
દમનને દામનમાં એટલો ન ભરીએ
કે મનની મસ્તી જ મારી જાય.
ચમનને ખ્યાલમાં એટલો ના ભરીએ
કે કરુણાની કમાલ જ મારી જાય.
ખ્વાબોના ખોબા એટલા ન ભરીએ
કે માંડ ખોળાતી જાત મારી જાય.
જવાબોથી હોઠ એટલા ન ભરીએ
કે શબૂદની શુચિ જ મારી જાય.
બનાવોથી દિમાગ એટલું ન ભરીએ
કે તનાવોથી મજા જ મારી જાય.

ડૉ. વસંત પરીખ

## જીંદગી


આમ જુઓ તો કાચ પીયાલી
આમ જુઓ તો અમર પીયાલી
આમ જુઓ તો ખુબ ઓશીયાળી
આમ જુઓ તો અજબ ખુમારી
આમ જુઓ તો નીત હરીયાળી
આમ જુઓ તો ક્ષણ ક્ષણ હોળી
આમ જુઓ તો થૈ થૈ નચવે
આમ જુઓ તો વચ્ચે થકવે
આમ જુઓ તો ખીલી કળી
આમ જુઓ તો બળી બળી
આમ જુઓ તો કાચા પકવે
આમ જુઓ તો પાકા સડવે
આમ જુઓ તો નરી બાગબાની
આમ જુઓ તો ક્ષણમાં ખરનારી
આમ જુઓ તો પળપળ ઉજીયાળી
આમ જુઓ તો વદ અંધીયાળી
ઉઘડે આંખ તો કમત હરનારી
કહો કળા કેવી આ કામણગારી!

ડૉ. વસંત પરીખ

TRUTH LOVE COMPASSION

# KARUNA SETU TRUST

Registration No. E/2664/Mehsana



## દાન

એ દાન અતી અલપ છે, જે કેવળ તમારા
સંગ્રહમાંથી તેમ કાઢી આપો છો.

જ્યારે તમે તમારા જીવનમાંથી કાઢીને આપો,
ત્યારે જ સાચુ દાન થાય છે.

માગે ત્યારે આપવું તે સારૂ તો છે પણ વગર
માગ્યે, મનથી જાણી જોઈને આપવું એ ઉત્તમ

અને એવું શું છે તમે રાખી મૂકો ?
બધું યે એક દીવસ આપવાનું છે.

ત્યારે આજે જ આપો, જેથી દાનની તક તમારી થાય.
તમે ઘણીવાર કહો છો, હું આપુ ખરો પણ માત્ર
પાત્રને જ.

તમારી વાડીના વૃક્ષો એમ કહેતા નથી, નથી કહેતા
એમ તમારા નેસમાંનાં ગાય કે ઘેટાં.

તેઓ આપે છે કેમકે તેઓ જીવન ઈચ્છે છે.
કારણ કે રાખી મુકવું એટલે મૃત્યું.

– ખલીલ જીબ્રાન

ભાવાનુવાદ હૃદયસ્થ ડૉ. વસંત પરીખ

web site : www.karunasetutrust.org